GIVE PRICE AND BUY THIS BOOK.

AN

EASY INTRODUCTION

TO

ENGLISH GRAMMAR,

WITH ITS

Gujarati Translation

Cotaining also some examples of difficult Parsing,

SPECIALLY ADAPTED

TO THE

Anglo-Vernacular Standards III & IV.

EDITED BY

MEHTA KASHIRAM JEBHAI SALUNWALA,
Book-seller & Publisher
BROACH.

Ahmedabad:
PRINTED AT THE UNION PRESS.
1888.

Price 2½ Annas.

૩૩૪૯

NOTES ON ENGLISH GRAMMAR.
ETYMOLOGY.



શબ્દોના જુદા જુદા ઉપયોગો પ્રમાણે તેઓના વર્ગ પાડેલા છે. કેટલાક શબ્દો પ્રાણી, પદાર્થ વગેરે બતાવવાને વપરાય છે, તેઓને "NOUNS" કહેછે; જેમકે *fire*, *water*, &c. વળી કેટલાક, પ્રાણી, પદાર્થ વિશે કંઈ કહેવાને વપરાય છે તેને "VERB" કહેછે, જેમકે, Fire *burns*, Man *speaks.* કુલ્લે શબ્દોના આઠ વર્ગો છે તેને PARTS OF SPEECH કહેછે.

Noun, Adjective, Pronoun, Verb, Adverb, Preposition, Conjunction, Interjection.

THE NOUN.

1. A NOUN is a word which is used as the name of some thing (પ્રાણી પદાર્થ વગેરે ઓળખવાને જે શબ્દ વાપરીએ તેનું નામ "નામ"); as fire, water, Bombay, Sorabji.

નામ બે જાતનાં છે, Proper Nouns and Common Nouns.

I. Proper Nouns are such as denote only one person or thing of a kind. (એકજ પુરૂષ અથવા એક જાતની એકજ વસ્તુ બતાવવાને જે શબ્દ વાપરીએ તેનું નામ Proper Noun. (વિશેષનામ) જેમકે, Gopal, the Tapti, the Himalayas, Surat.

II. Common Nouns are names which can be, given to any thing of a kind. જે શબ્દ એક વર્ગના પ્રત્યેકને લાગુ પડે તેનું નામ Common noun (સામાન્ય નામ).

વળી Common Nouns બે જાતનાં છે. *Collective* Nouns and *Abstract* Nouns. A Collective Noun denotes a number of persons or things forming one body, જે શબ્દ પુરૂષ અથવા વસ્તુઓનો સમુદાય બતાવે તે

શબ્દને *Collective* Noun સમુદાય વાચક નામ કહેછે ; જેમકે, a *crowd*, an *army*, a *class*, Abstract Nouns are the names not of objects but of ideas. *i. e.* names of qualities, as, *whiteness, blackness ;* names of states or conditions of things, as *life, death, time* ; names of passions and powers of the mind ; as, *love, jealousy* ; names of actions or processes; as *reading, writing*: names of arts and sciences ; as, *poetry, astronomy*, જે નામો પ્રાણી પદાર્થ ન બતાવતાં તેઓમાં રહેલા ગુણ, સ્થીતિ, મનોવિકાર, ક્રિયા વગેરે બતાવે તેને Abstract (ભાવ-વાચક) નામ કહેછે.

અંગ્રેજીમાં નામને Gender (જાતિ), Number (વચન અને Case (વિભક્તિ) લાગે છે.

GENDER.

Gender ત્રણ છે : Masculine (નરજાતિ) અને Feminine (નારીજાતિ). પુરૂષના નામની જાતિને Masculine Gender કહેછે, જેમકે, *man*; and સ્ત્રીના નામની જાતિને Feminine Gender કહેછે ; જેમકે ; *woman*. નિર્જીવ વસ્તુના નામને Neuter Gender કહેછે ; જેમકે, *water, house*. જે નામ નર તથા નારીને લાગુ પડે તે Common Gender નાં હોયછે. જેમકે, *Parent*.

Gender દર્શાવવાની ત્રણ રીતછે, (૧) જુદા શબ્દથી જેમકે, *Dog* (masc.), *bitch* (fem) ; *Cock* (masc.), *hen* (fem.) ; (૨) પ્રત્યય લગાડયાથી : જેમકે *Tiger*, (masc), *Tigress*, (fem.) ; *Negro* (masc.) Negress. (fem.) ; (૩) શબ્દની અંતે અથવા આદિએ શબ્દ મુકયાથી, જેમકે, *He-goat* (masc.), *She-goat*, (fem.); *Peacock* (masc.), Peahen (fem.)

NUMBER.

Number (વચન) બે છે ; Singular (એકવચન) અને Plural (બહુવચન). એક પદાર્થ કે એક પ્રાણી દેખાડનાર શબ્દ Singular ના અને એક કરતાં વધારે વિષય દેખાડનાર

Plural ના કેહેવાય છે.

સામાન્ય નિયમ.—એક વચનના નામને s લગાડયાથી તેનું બહુવચન થાયછે. જેમકે, Book, Books ; Pen, Pens.

ખાસ નિયમો.—(૧) જે નામોને છેડે s, sh, ch (ચ), x, અથવા o આવે તેનું બહુવચન કરવું હોય તો *es* ઊમેરવો ; જેમકે, ass, ass*es;* bush, bush*es;* watch, watch*es;* (પણ monarch monarch*s*); box, box*es*; hero, hero*es*. (૨.) જે નામોને છેડે f અથવા fe આવે તેનું બહુવચન કરવું હોય તો f અથવા fe કહાડી નાખી તેની જગોએ *ves* મુકવો ; જેમકે, wife, wi*ves* ; leaf, lea*ves*; (૩.) જે નામોને છેડે y આવે અને તેની પૂર્વે વ્યંજન હોય તો y નો *ies* થાયછે અને સ્વર હોય તો માત્ર *s* લાગેછે; જેમકે country, countr*ies* ; day, day*s*.

કેટલાંક નામોનાં બહુવચન અનિયમિત રીતે થાયછે. જેમકે, m*a*n, m*e*n ; wom*an*, wom*en;* child, child*ren* ; ox, ox*en ;* f*oo*t, f*ee*t ; too*th*, t*ee*th ; g*oose*, g*eese* ; mouse, mice ; louse, lice ; penny, pennies (સિક્કા), pence (એકંદર કિંમત); brother, brothers (સગા ભાઈઓ) brethren (એક મંડળીનાં માણસો.) die, dies (સિક્કા પાડવાને) dice (પાસા); genius, geniuses (વિદ્વાન પુરૂષો) genii (ભુત); index, indexes (અનુક્રમણિકા) indices (ઘાતચિન્હ); pea, peas (છુટાદાણા), pease (એકંદરદાણો) fish, fish (જાત), fishes (સંખ્યા.)

કેટલાંક નામો બન્ને વચનમાં એકજ રૂપે રહેછે ; જેમકે, Sheep, deer, swine, species.

CASE.

Case shows the relation of a noun to other words. નામનો બીજા શબ્દો સાથે (પ્રત્યયસહિત કે પ્રત્યયરહિત) જે સંબંધ તેને Case (વિભક્તિ) કહેછે.

અંગ્રેજી નામોને મુખ્ય ત્રણ વિભક્તિ હોયછે ; the

Nominative, Possessive અથવા Genitive, અને Objective અથવા Accusative.

Nominative કર્ત્તા અથવા ક્રિયાનો કરનાર બતાવેછે. જેમકે *Gopal* reads. વાક્યમાં કર્ત્તા શોધી કહાડવો હોય તો ક્રિયાપદને "કોણ" અથવા "શું" એ સવાલ પૂછવો અને જે જવાબ આવે તે કર્ત્તા. કોણ વાંચેછે? જવાબ Gopal.

Possessive case સમ્બન્ધ બતાવેછે; જેમકે, Gopal's book અહિયાં "Gopal's" એ છઠી વિભક્તિ છે.

Objective case કર્મ અથવા કોઇને કંઇ કીધેલું હોય તે બતાવેછે; જેમકે Gopal eats *Mangoes.*

કર્મ શોધી કહાડવાને ક્રિયાપદની પેહેલાં "કહોને" અથવા "શું" સવાલ પૂછવો; જેમકે, શું ખાય છે? જવાબ mangoes.

અંગ્રેજીમાં Nominative અને Objective નાં એકજ રૂપ છે એટલે તેઓને કોઈ પણ પ્રત્યય લાગતો નથી. પણ Possessive કેઇસ નામને 's (એપોસ્ટ્રોફે એસ) લગાડયાથી થાય છે. જ્યારે બહુવચનને છેડે s હોય ત્યારે માત્ર એપોસ્ટ્રોફે લગાડવો; જેમકે, Books': પણ જ્યારે નામના બહુવચનમાં s હોતો નથી ત્યારે 's (એપોસ્ટ્રોફે એસ) લગાડવો; જેમકે men's.

ગુજરાતીમાં જેને "સંબોધન" કહેછે તેને અંગ્રેજીમાં Vocative અથવા Case of Address કહેછે, જેમકે Gopal, come. અહીયાં ગોપાળને Vocative case છે. Bring me a book; આ વાક્યમાં Bring શબ્દને બે કર્મ છે. Direct (ઉપસ્થકર્મ) અને in direct (અનુપસ્થકર્મ). Direct object ને objective case કેહેછે અને Indirect object ને Dative case કેહેછે. ઊપલા વાક્યમાં "book" એ Direct object છે, અને "me" એ Indirect object છે. એટલે જેનું બીજું રૂપ કરતાં જેને "to" લાગે તે Indirect, જેમકે, Bring a book *to* me.

THE ADJECTIVE.

An Adjective(વિશેષણ) is a word used with a Noun to describe something : નામનો ગુણ બતાવવાને અથવા તેના અર્થમાં કંઇ વિશેષ બતાવવાને જે શબ્દ વાપરવામાં આવેછે તેને વિશેષણ કહેછે. as, *red* roses; *twenty* boys; *some* milk.

Adjectives ત્રણપ્રકારનાંછે:— (1) Adjectives of QUALITY : as *good, bad*; (2) Adjectives of QUANTITY: as *much, little, some*; (3) NUMERAL Adjectives: as, *one, two, few*. NUMERAL Adjectives(સંખ્યાવાચક)ના ત્રણ ઉપવર્ગછે:-DEFINITE, INDEFINITE, અને DISTRIBUTIVE. જે સંખ્યાવાચક વિશેષણ ચોકસ સંખ્યા બતાવે તેને Definite Numeral Adjective કહેછે. તેમાં "કેટલા" એ શબ્દનો જવાબ આપે તેને CARDINAL Definite Numeral કહેછે; જેમકે, I saw *five* horses; અને "કેટલામો" એનો જે જવાબ દેતેને ORDINAL Definite Numeral Adjective કહે છે; જેમકે, Let the *fifth* boy come. INDEFINITE Numeral Adjective ચોકસ સંખ્યા બતાવતું નથી. જેમકે, *all, any, certain, few, many, much, more, most, no, none, other, several, some, &c.* DISTRIBUTIVE Numeral Adjective પૃથક સંખ્યા બતાવેછે : જેમકે, *each, every, either, neither.*

This, that, yon, અને *yonder* એટલાને DEMONSTRATIVE Adjectives કહેછે.

A, An એને INDEFINITE Articles કહેછે, અને *The* ને DEFINITE Article કહેછે.

RULES OF COMPARISON.

Adjectives ને તુલના દર્શક ત્રણ Degree હોયછે. જે વિશેષણમાં ફેરફાર થયા વિના અસલ રૂપેજ રહેછે તેને

POSITIVE Degree નું વિશેષણ કહેછે, જેમકે, *good*, *bad*; જ્યારે બે વચ્ચે મુકાબલો હોય ત્યારે COMPARATIVE Degree વપરાય છે; અને તે, વિશેષણને–er ઊમેરવાથી થાય છે, જેમકે, *sweet*, *sweeter*; અને બે કરતાં વધારે વચ્ચે મુકાબલો હોય ત્યારે SUPERLATIVE Degree વપરાય છે; અને તે, વિશેષણને–est ઊમેરવાથી થાય છે; જેમકે, *sweet, sweetest.*

જ્યારે વિશેષણને અંતે એકજ વ્યંજન હોય અને તેની પૂર્વે એકજ સ્વર હોય ત્યારે છેલ્લો વ્યંજન બેવડાય છે, જેમકે, *hot, hotter, hottest*, પણ જો તેને છેડે બે વ્યંજન આવે અથવા અંત્ય વ્યંજનની પૂર્વે બે સ્વર હોય તો અંત્ય વ્યંજન બેવડાતો નથી : જેમકે, *thick, thicker, thickest* ; *weak, weaker*, weakest. જ્યારે વિશેષણને છેડે *e* હોય ત્યારે માત્ર–*r*, અને–*st* લાગેછે; જેમકે, *brave, braver; bravest.*

જો વિશેષણને અંતે *y* હોય અને તેની પૂર્વે વ્યંજન હોય તો –er અને–est લગાડતાં *y* નો *i* થાયછે; જેમકે, *dry*, drier driest; પણ જો સ્વર હોય તો *y* નો *i* થતો નથી : જેમકે, *gay, gayer, gayest.*

બે કરતાંવધારે SyllableનાંવિશેષણોઅનેબેSyllable નાં ઘણાં વિશેષણોને *–er* ને બદલે *more* અને *less* અને *–est* ને બદલે *most* અને *least* લગડાય છે : જેમકે, beautiful, *more* beautiful, *most* beautiful; diligent, *less* diligent, *least* diligent.

બે Syllableનાં વિશેષણો જેને છેડે *e*, *ow*, અથવા *y* આવે તેની Degrees એક Syllable નાં વિશેષણ તરીકે બતાવવી; જેમકે able, abl*er* abl*est*; narrow, narrow*er*, narrow*est*; happy, happi*er*, happi*est*.

કેટલાંકવિશેષણોની Degrees અનિયમિત રીતે બતાવાય છે; જેમકે, *good, better, best; bad, evil, ill* એ ત્રણની

worse, worst; little, less, least; much, many એની *more, most; late, later* or *latter,* અને *latest* or *last. near, nearer, nearest* or *next; old, older* અથવા *elder, oldest* અથવા *eldest; fore, former, foremost* અથવા *first; far, farther,* અને *farthest.*

THE PRONOUN.

A Pronoun is a word which stands for a Noun. નામને બદલે જે શબ્દ વપરાય તેને Pronoun કહેછે. Pronouns છ જાતીનાં છે.

(1) Personal Pronouns (પુરૂષવાચક) *I, thou, he, she, it* અને તેનાં રૂપો;(2) Reflexive અથવા Reflective Pronouns (સ્વવાચક) જ્યારે પોતાને માટે કંઈ ક્રિયા કરવી હોય ત્યારે એ સર્વનામ વપરાય છે: *myself, thyself yourself, himself, herself, itself, ourselves, yourselves themselves, oneself.* (3) Demonstrative (દર્શક) *this that,* pl. *these, those.* ખરૂં જોતાં એ વિશેષણો છે પણ સર્વનામ તરીકે પણ વપરાય છે. (4) Interrogative Pronouns (પ્રશ્નાર્થ) સવાલ પૂછવાના કામમાં આવેછે; *who? which? what?* (5) Relative (તત્પદાપેક્ષક) Pronouns અગાઉ નામ ગયું હોય તેની સાથે સમ્બન્ધ દર્શાવે છે તે એવી રીતે કે બે વાક્યોનું એક વાક્ય થઈ જાય. We love those *who* love us: તેઓ *who, which that* અને *what* અને તેઓના Compounds, *whoso, whosoever, whatsoever &c.,* છે *Who* પુરૂષને માટે, *which* પ્રાણી અને નિર્જીવ પદાર્થને માટે અને *that* પુરૂષ અને પદાર્થ બન્નેને માટે વપરાય છે. what એ *that which* ની બરાબર છે. *What* (= that which) I have written, is good. કોઈ વખત *as* Relative તરીકે વપરાયછે, જેમકે This is the same *as*

that. (6) Indefinite (અનિશ્ચિત) Pronouns : *one*, *none*, *somebody*, *nobody*, *aught*, *naught*, *each*, *either*, *neither*, *other*, *another*, the *same*, *such* એ બધાં જ્યારે એકલાંવપરાયછે ત્યારે એને Pronouns કહેછે અને એની સાથે નામ આવે ત્યારે એને Adjectives કહેછે.

THE VERB.

A VERB is a word which declares something. જે શબ્દ વડે આપણે કંઈ કહી શકીએ એટલે જે શબ્દ વડે "કોઇ શું કરેછે" "શું છે" અથવા "શું થાયછે" એ મતલબનું કંઈ બતાવી શકીએ તેને "ક્રિયાપદ" કહેછે; જેમકે; The boy *runs;* the sun *shines*; the earth *is* round

ક્રિયાપદ બે પ્રકારનાં છે; TRANSITIVE, (સકર્મક; અને INTRANSITIVE (અકર્મક). A TRANSITIVE Verb denotes action passing from the doer to an object: કર્ત્તાની ક્રિયા કર્ત્તાને લાગુ પડી કોઈ બીજા શબ્દ કર્મને લાગુ પડે ત્યારે તેને "સકર્મક" ક્રિયાપદ કહેછે જેમકે, Gopal *eats* mangoes. An INTRANSITIVE verb expresses an action that does not go beyond the doer: કર્ત્તાની ક્રિયા કર્ત્તામાં રહીને કોઈ બીજા શબ્દને લાગુ પડતી નથી તેને "અકર્મક" ક્રિયાપદ કહેછે; જેમકે Gopal *walks*.

STRONG AND WEAK VERBS:—જે ક્રિયાપદોને ભૂતકાળ તેક્રિયાપદમાંજફેરફાર થવાથી (ઘણુંકરીને સ્વરનો) થાય એટલે જેને કોઇ પણ તરેહનો પ્રત્યય લગાડવો ન પડે તેને Strong Conjugationનું ક્રિયાપદ કહેછે, જેમકે, *write*, *wrote*. ક્રિયાપદોને ભૂતકાળમાં *d ed* અથવા *t* એમાંથી કોઈ લગાડવા પડે તેને Weak Conjugation નાં ક્રિયાપદ કહેછે; જેમકે, *love*, *loved; leap*, *leapt;* જેમાં બન્ને તરેહનો ફેરફાર થાય તેને "Mixed" Conjugation કહેછે

જેમકે, *Catch, caught.* જે ક્રિયાપદો વર્તમાનકાળ, ભૂતકાળ અને ભૂતકૃદંતમાં એકજ રૂપે રહે તેને Weak Conjugation માં ગણેલા છે; જેમકે shut, shut, shut; cut, cut cut, &c.,

VOICE:—સકર્મક ક્રિયાપદને બે VOICE હોયછે; ACTIVE અને PASSIVE. જ્યારે કોઇ પુરૂષ અથવા પદાર્થ જેને વિશે કહ્યું હોય તે ક્રિયા "કરતો" હોય ત્યારે ક્રિયાપદ Active Voiceનું સમજવું; જેમકે, Gopal *killed* a tiger. જ્યારે કોઇ પુરૂષ અથવા પદાર્થ જેને વિશે કંઇ કહ્યું હોય "તેને કંઇ કરવામાં આવે ત્યારે" તે Passive voiceનું સમજવું; જેમકે, A tiger *was killed* by Gopal. સકર્મક ક્રિયાપદના ભૂતકૃદંત સાથે *To be* નું રૂપ આવ્યાથી Passive Voice થાયછે. Am, is, are, art, was, were wert, અને been એ to be નાં રૂપો છે.

MOOD:—Mood shows the manner of the action. ક્રિયા કરનારની મનોવૃત્તિને ક્રિયાપદનું Mood કહેછે.

Mood પાંચ જાતનાં છે:—INDICATIVE, IMPERATIVE, SUBJUNCTIVE, POTENTIAL, અને INFINITIVE. જ્યારે આપણે કંઇ કહીએ અથવા પ્રશ્ન પૂછીએ ત્યારે તેને INDICATIVE Mood કહેવું; જેમકે, He walks, Who walks? IMPERATIVE Mood "આજ્ઞા" અથવા "વિનંતિ" બતાવેછે; જેમકે Go thou; Forgive me. SUBJUNCTIVE Mood શરત બતાવેછે; જેમકે, If I *go* to Bombay, I will bring your book. POTENTIAL Mood ક્રિયાપદની આગળ *can, may, must* અને તેના ભૂતકાળ મૂકવાથી બતાવાય છે, પણ કેટલા વૈયાકરણીઓ એને જુદું Mood ગણતા નથી. INFINITIVE Mood માત્ર ક્રિયાનો વિચાર બતાવેછે, અને પુરૂષ અથવા વચનથી તેના અર્થની હદ બંધાતી નથી જેમકે, *To go.* એ Mood તેમાં નામનો અર્થ રહેલો છે. Infinitive of *purpose*

અથવા, *Indirect* objectને GERUND કહેછે; એ અર્થ-માં તે Infinitive Mood ના સરખુંજ છે; જેમકે, He came *to learn*; વળી VERBAL Noun (ક્રિયાવાચક નામ) ને પણ Gerund કહેછે; તેને છેડે–*ing* આવેછે; જેમકે, *writing*; Passive *being loved.*

ક્રિયાપદના જે રૂપમાં "ક્રિયાપદ"નો તેમજ "વિશેષણ" નો બન્નેનો અર્થ હોય તે તે PARTICIPLE કહેછે; જેમકે I saw him *running*. A house *built* of bricks. Participle ત્રણ જાતના છે. *Present* Participle : જેમકે, *Loving; Past* Participle: જેમકે, *Loved;* અને *Compound* Perfect: *having loved.*

TENSE.

The word TENSE means *time*. There are three natural divisions of time—Present, Past, Future; એ ભાગો બતાવવાને ક્રિયાપદનાં જે જૂદાં જૂદાં રૂપ તેને TENSE કહેછે. ચાલતો જે કાળ તે *Present* Tense, ગયો જે કાળ તે *Past* Tense, અને હવે પછી આવવાનો જે કાળ તે *Future* Tense.

Present Tense નાં છ રૂપ છે, Past નાં સાત છે, અને Future નાં ત્રણ છે, એ રૂપો Active અને Passive voice માં નીચે પ્રમાણે બતાવેલાં છે.



Love ક્રિયાપદનાં રૂપો. (Indicative Mood.)

રૂપનાં નામ.	Present.	Past.	Future.
Indefinite. (અનિશ્ચિત).	*Act.* I love. *Pas.* I am loved.	*Act.* I loved. *pas.* I was loved.	*Act.* I shall or will love. *Pas.* I shall be loved.
Continuous. (ચાલુ રૂપ).	*Act.* I am loving. *Pas.* I am being loved.	*Act.* I was loving. *Pas.* I was being loved.	*Act.* I shall be loving *Pas.* (થતું નથી).
Emphatic. (ભાર રૂપ).	*Act.* I do love. *Pas.* (નથી થતું).	*Act.* I did love. *Pas.* (નથી થતું).	*Act.* (નથી થતું). *Pas.* (નથી થતું).
Perfect. (સંપૂર્ણ રૂપ).	*Act.* I have loved. *Pas.* I have been loved.	*Act.* I had loved. *Pas.* I had been loved.	*Act.* I shall have loved *Pas.* I shall have been loved.
Perfect Continuous (સંપૂર્ણ ચાલુ)	*Act.* I have been loving *Pas.* (નથી થતું).	*Act.* I had been loving. *Pas.* (નથી થતું).	*Act.* *Pas.* નથી થતાં.
Prospective. (અપેક્ષ રૂપ).	*Act.* I am to love. *Pas.* I am to be loved.	*Act.* I was to love. *Pas.* I was to be loved.	*Act.* *Pas.* નથી થતાં.
Pluperfect Prospective. (પૂર્વ ભૂતાપેક્ષક).	*Act.* *Pas.* નથી થતાં	*Act.* I was to have loved *Pas.* I was to have been loved.	*Act.* *Pas.* નથી થતાં.

IMPERATIVE MOOD.

Singular.	*Plural.*
2. Love *or* love thou.	2. Love, *or* love ye *or* you.

SUBJUNCTIVE Mood, Present *Indefinite*.

1. If I love.	1. If we love.
2. If thou love.	2. If you love.
3. If he love.	3. If they love.

એ શિવાયનાં બીજાં રૂપ શિક્ષકોએ બતાવવાં.

Potential Mood નાં રૂપ may, can, must અને તેના ભૂતકાળ might, could અને would, એને should એ auxiliary verbs(સહાયકારક ક્રિયાપદો)લગાડયાથી થાયછે.

SEQUENCE OF TENSEES (કાળાન્વય). જ્યારે વાક્યનો એક ભાગ બીજા ભાગ ઉપર આધાર રાખતો હોય ત્યારે જો (૧) વાક્યના પ્હેલા ભાગમાં ભૂતકાળ હોય તો બીજા ભાગમાંના ક્રિયાપદો ભૂતકાળમાંજ હોવાં જોઇએ; જેમકે, The box *was* so heavy that I *could* not *lift* it up. (૨) જો પ્હેલા ભાગમાં વર્ત્તમાન અથવા ભવિષ્ય હોય તો બીજા ભાગમાં વર્ત્તમાન, ભૂત, અથવા ભવિષ્ય આવી શકે; જેમકે, The teacher *says* that the boy *tells* a lie. My father *says* he *will give* no such promise. At the meeting he *will* affirm that he *is* (*was, will be*) unable to speak. Every one *believes* that the undertaking *was* a mistake. જો વાક્ય Universal truth (હમેશનું સત્ય) બતાવતું હોય તો પ્હેલામાં ગમેતે કાળ આવે તોપણ પછીનામાં વર્ત્તમાન કાળજ વપરાયછે; જેમકે, He *does—did—will* not believe that the earth *is* round. હુકમ બતાવનારાં, આશા બતાવનારાં, ઇચ્છા બતાવનારાં, ઇરાદો બતાવનારાં, રજા આપનારાં ક્રિયાપદો પછી હમેશાં *Present Infinitive* વપરાયછે, તેમાં મુખ્ય ક્રિયાપદ ગમે તે કાળમાં હોય તો હરકત નહીં; જેમકે, He *hopes—hoped—will hope* to pass.

THE ADVERB.

Adverbs are words used with Verbs, Adjectives, and other Adverbs, to modify them in some way; ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદના, વિશેષણના, અને બીજા ક્રિયાવિશેષણ અવ્યયોના અર્થમાં કંઇ વધારો બતાવવાને વાપરવામાં આવેછે; જેમકે, He spoke *well*; this is a *very* good book; he came *too* soon.

Adverbs છ જાતનાં છે (1) Adverbs of MANNER: as, *how*, *well*, *ill*, *badly*, *aloud*, *right*, *rightly*, *&c.*, (2) Adverbs of PLACE: *where*, *whence*, *whither*, *here*, *there*, *hence*, *thence*, *hither thither*, *above*, *below*, *within*, *without*, *around*, *upwards*, *downwards*, *to* and *fro*, *&c.* (3) Adverbs of TIME :*when*, *then*, *now*, *before*, *after*, *afterwards*, *soon*, *since*, *ago*, *to-day*, *to-morrow*, *always*, *ever*, *never*, *by and bye &c.*, *twice*, *thrice* (4) Adverbs of DEGREE; *as*, *very*, *too*, *almost*, *quite*, *rather*, *altogether*, *much*, *little*, *more*, *most*, *less*, *least*, *&c.* (5) Adverbs of CAUSE or REASON: as, *why*, *wherefore*, *therefore*, *hence*, *thence*, *whence*, (6) Adverb of NEGATION: *not*.

Yes and *no* are sometimes called Adverbs. This is incorrect. They are substitutes for sentences, and not parts of sentences at all. (*Smith.*)

There are some Adverbs called PHRASE Adverbs:- Such are, *at random; in the dark*, *at large*; *upside down*, *&c.*

THE PREPOSITION.

A Preposition is a word which comes before a Noun or a Pronoun, and shows its relation to some other word. શબ્દયોગી અવ્યય નામ અથવા સર્વનામની પ્હેલાં મૂકવામાં આવેછે અને કોઇ બીજા શબ્દ સાથે તેનો સમ્બન્ધ બતાવેછે; જેમકે, an inhabitant *of* Surat; a

man living *in* Surat; a man *from* Surat. અહીંયાં *of*, *in*, *from* એ Prepositions છે. કેટલાંક Prepositions વખત બતાવેછે; જેમકે, *after*, *since*, *till*, *during*, *&c.* કેટલાંક જગા બતાવેછે; જેમકે, *in*, *on*, *at*, *near*, *above*, *under*, *&c.* કેટલાંક કારણ બતાવેછે; જેવાં કે, *by*, *with*, *through*. એ શિવાય બીજાં ઘણાં છે. કેટલાંક Phrase Prepositions કેહેવાયછે; જેવાં કે, *according to along with*, *on account of*, *because of*, *by means of &c.*

THE CONJUNCTION.

Conjunctions join words and sentences; વાક્યયોગી અવ્યયો શબ્દોને તેમજ વાક્યોને જોડેછે; જેમકે, Gopal *and* James went; he is great, *but* he is not good.

કેટલાંક અગત્યનો Conjunctions નીચે પ્રમાણે:—

Also, although, and, as, because, both, but, either, else, even, except, for, however, if, lest, neither, nor notwithstanding, or, provided, save, since, so, than, that, then, therefore, though, unless, whereas whether, yet.

THE INTERJECTION.

An Interjection (કેવળપ્રયોગી અવ્યય અથવા ઊદ્‌ગાર,) is a word used to express some sudden feeling. કેવળપ્રયોગી અવ્યય કંઇ અકસ્માત્‌ મનોવિકાર બતાવેછે; જેમકે, *Ah!* where shall I go ? એ શબ્દો વાંક્યમાં કોઈ પણ સાથે સમ્બન્ધ રાખતા નથી.

કેટલાંક અગત્યનાં Interjections નીચે પ્રમાણે:—*O! oh-ah! heigho! alas! hurrah! Lo! Behold, welcome, &c.*

NOTES ON PARSING. (પદચ્છેદ.)

To *Parse* words is to point out what part of speech they are, to explain their form, and to show their grammatical connexion with other words in

the sentence. The order given below should be followed.

NOUN.—(1) કઈ જાતનું નામ (Proper, common, collective કે *Abstract)*; Gender, (Masculine, Feminine કે Neuter); Number, (Singular કે Plural); Case (Nominative, Genitive, Accusative, Dative કે Vocative) તે કહીને તે કોની સાથે સમ્બન્ધ રાખેછે તે બતાવવું; જેમકે, Gopal eats, mangoes. *Gopal* is a Proper noun of the masculine Gender, singular number, nominative case to the verb "*eats*." "*mangoes*" is a common noun, neuter Gender, plural number, accusative case, governed by the transitive verb "*eats*" O Lord, save me. Here *Lord* is in the Vocative case. Bring Sorabji's book. Here *Sorabji's* is in the Genitive case possessing the noun "book".

ADJECTIVE.—(1) કઈ જાતનું (Qualiiy, Quantity, numeral અને તેના વિભાગોમાંથી કયું તે) Adjective, qualifying the noun—A good boy, "*good*" is an adjective qualifying the noun "*boy*;" *some* milk, *one* boy, *first* boy, *each* boy, *every—either*, *neither* boy. Adjectives of quality ની degree બતાવવી.

ARTICLES—An અને A. Indefinite Article referring to the noun જેમકે A boy. *The* the Definite Article, defining અથવા particularising the noun—જેમકે *The* boy.

PRONOUNS.—કઈજાતનું Pronoun (Personal, Demonstrative, Relative, Reflexive, Interrogative, Numeral). એ શિવાય બધું નામ પ્રમાણે કરવું.

VERBS.—કઈ જાતનો (Transitive કે Intransitive) પછી voice (Active કે Passive) Conjugation (strong, weak કે mixed) mood (Indicative, Subjunctive, Imperative, Potential, કે Infinitive) Tense (૧૨મે પાને બતાવ્યાછે.

તેમાંનો કયો છે તે).Person (first, second કે third) number (Singular કે Plural), agrees with its subject (કર્તા) જે હોય તે. જેમકે I *have been writing* my copy. "*have been*" *writing* is a Transitive verb, active voice, strong conjugation, Indicative mood, Present continuous tense, first person, singular number, agrees with its subject "*I.*" *Let* us go. આ વાક્યમાં *Let* નું Parsing જુદું કરવું અને તે Imperative mood માં છે. He was busy *writing* letters આ વાક્યમાં *was writing*નું સાથે પાર્સિંગ થશે નહી, માટે વિદ્યાર્થીએ વિચાર કરવો કે જ્યાં સ્વભાવીકરીતે Preposition, દાખલ થઈ શકે ત્યાં તેનું પાર્સિંગ *Gerund* કરવું, આ પ્રમાણે. He was busy *writing* letters એટલે He was busy *in* or *at* writing letters.

ADVERB—કઈ જાતનો (Manner, time, negation, affirmation, place, cause) Adverb, modifying the verb—adjective કે another adverb. જે હોય તે. The horse runs *swiftly*. "*swiftly*" is an adverb of manner modifying the verb "*runs.*" *When* did you come? *When* is an adverb of time modifying the verb "*did come.*" *Where* are you going? "*Where*" is an adverb modifying the verb "*are going.*" વગેરે.

PREPOSITION.—This box is made *of* wood. "*Of*" is a Preposition governing the noun "*wood.*" Do tell me *of* it અહિયાં "*of*" is a Preposition governing the Pronoun "*it.*"

CONJUNCTION.—I "*and*" Bapu went to Bombay. "*and*" is a conjunction connecting the words "I" and "*Bapu.*" I came to write, *but* he came to read, "*but*" is a conjunction, separating the two sentences I come to write, and, he come to read.

INTERJECTION.—Ah! what shall I do? "*Ah*" is an Interjection expressing sorrow. Hurrah! expresses joy.

SYNTAX.

વાક્ય વિન્યાસ.

Syntax explains how words are arranged in sentences. વાક્યોમાં શબ્દો શી રીતે ગોઠવવા એ વાક્યવિન્યાસ સમજાવેછે.

Rule. I. A verb must agree *with its subject in Number and Person* ક્રિયાપદ તેના કર્તા સાથે વચન અને પુરૂષમાં મળતું આવવું જોઇએ. As, I learn; boys speak.

The subject of a verb should always be *in the Nominative Case.* ક્રિયાપદનો કર્તા હમેશ પહેલી વિભક્તિમાં હોવો જોઇએ. It may be either a *noun* તે નામ હોઈ શકે, as, *Gopal* runs; or a *Pronoun,* અથવા સર્વનામ, as, *He* runs; An *adjective used as a noun* નામરૂપે વપરાયલું વિશેષણ, as, The *poor* are happy; an *infinitive mood,* સામાન્યરૂપ, as, *To lie* is bad; an *infinitive phrase* (ઇન્ફિનિટિવ ફ્રેઝ) as, *To tell a lie* is bad; a *participle,* કૃદંત, as, *Walking* is healthy; *a participial phrase,* (પાર્ટિસિપિઅલ ફ્રેઝ) as, *Walking in the field* is healthy; અથવા a *noun sentence* (નાઉનસેંટન્સ) as *That children should obey their parents* is their duty.

Rule. II. Two or more singular Nominatives joined by *and* require a verb in the plural. એકે અધિક એકવચનવાળા કર્તા *and* થી જોડાયલા હોય તો ક્રિયાપદ અનેકવચનમાં જોઇએ. as, Rama and Gopal *are* friends.

If two singular nouns joined by *and* refer to the *same* person or thing, the verb must be *singular.* બે એકવચનવાળાં નામો *and* થી જોડાયલાં હોય અને તે એકજ પુરૂષ કે વસ્તુને લાગુ પડે તો ક્રિયાપદ એકવચનમાં જોઇએ, as, The historian and poet *has come.*

When two singular nouns are joined by *and* and convey the idea of one thing, the verb is singular. જ્યારે બે એકવચનવાળાં નામ *and* થી જોડાયલાં હોય અને એકત્વનો વિચાર બતાવે ત્યારે ક્રિયાપદ એકવચનમાં જોઇએ as, Curry and rice *is* wholesome.

When two nominatives, the one affirmative and the other negative are joined by *and*, the verb agrees with the affirmative. જ્યારે બે કર્ત્તા, એક સ્વીકારવાચક અને બીજો નિષેધાર્થે *and* થી જોડાયલા હોય ત્યારે ક્રિયાપદ સ્વીકારવાચક કર્ત્તા સાથે મળતું આવેછે. As, *He*, not you, *is* wrong.

When two singular nominatives are joined by *and* preceded by *each*, *every* and *no* (singular) they require the verb and pronoun to be in the singular. બે એકવચનવાળા કર્ત્તા *and* થી જોડાયલા હોય અને તેની પૂર્વે *each*, *every*, અને *no* (એકવચન) માંનો કોઇ શબ્દ આવ્યો હોય તો ક્રિયાપદ એકવચનમાં જોઇએ : as, Each man, woman, and child *was* killed.

When *two or more singular Nominatives* are separated by *or* or *nor*, they require a *singular verb*. જ્યારે બે કે અધિક એકવચનવાળા કર્ત્તા *or* કે *nor* થી છુટા પડેલા હોય ત્યારે ક્રિયાપદ એકવચનમાં જોઈએ, as, James, John, or Joseph *is* wrong.

Rule IV. When two or more Nominatives in different Numbers are joined by *or* or *nor* the verb is in the plural (the plural nominative should be placed next the verb) જ્યારે બે કે અધિક કર્ત્તા જૂદા જૂદા વચનમાં હોય અને *or* કે *nor* થી જોડયાલા હોય ત્યારે ક્રિયાપદ અનેકવચનમાં જોઇએ. (અનેકવચનવાળો કર્ત્તા ક્રિયાપદની પાસે મૂકવો જોઇએ), as, Either he or his servants *were* guilty.

RULE V. When a noun or a pronoun is joined to a participle without being connected with any other verb in the sentence, it is said to be in the *Nominative Absolute*. જ્યારે કોઈ નામ કે સર્વનામ કોઈ કૃદંત સાથે જોડાયલું હોય અને વાક્યમાં કોઈ ક્રિયાપદ સાથે સમ્બન્ધ રાખતું ન હોય તો તે નામ કે સર્વનામ Nominative Absolute માં છે એમ કહેવાય, as, The *Examination* being over, promotions were made.

RULE VI. Nouns which refer to the same person but are not connected by a conjunction, are said to be in *apposition*. જે નામ એકજ પુરૂષને લાગે છે અને કોઈ વાક્યયોગીથી જોડાયલાં ન હોય ત્યારે તે Apposition એપીઝીશનમાં છે એમ કહેવાય, as, William, the conqueror.

RULE VII. A noun, which denotes the possessor of an object, is put in the Possessive case. જે નામ કોઈ વસ્તુનો માલિક બતાવેછે તે નામને છઠ્ઠી વિભક્તિમાં મૂકવું જોઈએ. as, Govind's house. *Of* is used in case of things without life નિર્જીવ વસ્તુ હોય તો *of* વપરાયછે. as, The roof of the house. But possessive may be used in case of words denoting time, પણ જે શબ્દ સમય બતાવેછે તેને સારૂ છઠ્ઠી વિભક્તિ મૂકાય, as, Three months' leave.

RULE VIII. Each, every, either, neither require a singular verb. Each, every, either, neither આવે તો ક્રિયાપદ એકવચનમાં જોઈએ. as, Each boy has prepared his lesson.

RULE IX. Pronouns agree with the nouns for which they are used in Gender, Number, and Person. સર્વનામ, જે નામોને બદલે મૂકાયછે તેની સાથે તેઓ જાતિ, વચન, અને પુરૂષમાં મળતાં આવેછે. as, He broke *his* arm. She learnt *her* lesson.

RULE X. A Relative Pronoun agrees with its Antecedent in Gender, Number and Person. સંબંધી સર્વનામ પોતે જેને માટે મૂકાયલુંછે તેની સાથે જાતિ, વચનને પુરૂષમાં, મળતું આવેછે. as, He *who* learns. The *book which* you have.

THE VERB.

RULE XI. Transitive verbs govern the objective case. સકર્મક ક્રિયાપદ પોતાના કર્મ સાથે સંબંધ રાખેછે as, I found *him* preparing his *lessons.*

The object may be a noun, કર્મ નામ હોઈ શકે, as, He beats, *Govind*; or a pronoun અથવાસર્વનામ હોઈ શકે,as Boys beat *him*;an adjective used as a noun નામરૂપે વપરાયલું વિશેષણ, as, They envy the *rich*; a participle, કૃદંત, He likes *reading*; a participial phrase, કૃદંતવાક્ય as, He likes *going to school;* an infinitive, સામાન્યરૂપ, as, He likes *to read*; an infinitive phrase, as, He likes *to read good books,* or a noun sentence કે નામ વાક્ય હોઈ શકે, as, He knows *that he is poor.*

Intransitive verbs often take after them an *objective case* similar in meaning to the verb. અકર્મક ક્રિયાપદ ઘણીવાર પોતાની પાછળ ક્રિયાપદના અર્થને મળતી કર્મની વિભક્તિ લેછે, as, He lived a *life* of pleasure. This is called the *Cognate Objective.*

Nouns which denote *time*, *space*, *value* and *measurement* are in the *objective case* જે નામો સમય, સ્થળ, કિંમત, અને માપ બતાવેછે તે objective case માં હોયછે. અને *for,* અથવા *to of* કે *by* અધ્યાહાર તેની પૂર્વે હોય છે. as, He lived ten *years* in Bombay; He went four *miles*; It is worth two *rupees.* The wall is 5 *feet* high.

Some Verbs as, *give,ask*, *call*, *teach*, *make*, *tell &c.* take two objects. કેટલાંક ક્રિયાપદ જેવાં કે *give*, *ask*, *call*, *teach*, *make*, *tell* ઈત્યાદી બે કર્મ સ્વિકારે છે, as, He gave *me a book*, He called *him a rogue*, He teaches *him English*. He made *you a judge*. He told *me a lie*.

The Dative is used with the Impersonal verbs me—seems, me—thinks, &c. as me—thinks —It seems to me, me—seems—It seems to me.

Some Verbs are both Transitive and Intransitive કેટલાંક ક્રિયાપદ ઊભયપણું છે એટલે સકર્મક અને અકર્મક બન્નેછે. as, He *moves*, he *moves* the table.

Rule XII. The Verb To be has the same case after it as before it. To be ક્રિયાપદ પૂર્વે પણ કર્તા લેછે, પોતાની પછી પણ કર્તા લેછે as I am *he*, The sign *to* of the *infinitive mood* is dropped after such verbs as, *bid*, *dare*, *let*, *make*, *need*, *have*, *feel*, *see*, *hear*. સામાન્ય રૂપની to નિશાની આવાં ક્રિયાપદ પછી પડતી મૂકાયછે. *bid*, *dare*, *let*, *make*, *need*, *have*, *feel*, *see*,, *hear*. as, I bid you *do* it; I dare not *go* there; Let him *go*; you need not *go*; I bad him *go*; I see him *rnn*; I hear you *talk*.

Examples of Difficult Parsing.

About વિષેનો, A preposition, as, What *about* him? આમતેમ. An adverb of place, as, He ran about.

After પછી. A preposition, as, *after* five days. પછી An adverb of time, as, *after* he had learned his lessons he went out to play.

As=when જ્યારે Adverb of Time, as, *As* he was going home he saw his brother. જેટલું, જેવું. Adverb of Degree, as, He is *as* bad as you. In *as* white *as* snow, the first *as*, is an adverb and the second a conjunction (Smith).

=Since તેથી. A conjunction, as, He could not attend school, *as* he was sick.

=That જે A Relative Pronoun, as, such men *as* came here yesterday were good.

Before પહેલાં, આગળ. A preposition, as, *Before* that-time. પહેલાં, આગળ. An adverb of time, as, *Before* he had learnt his lessons he went out to play.

But=Except સિવાય A Preposition, as, There was none *but* Govind here.

=Only ફક્ત, માત્ર. An adverb, as, There is *but* one God.

=પણ A conjunction, as, He is poor, *but* I am rich.

By=Near પાસે. A preposition, as, Sit *by* him. Near પાસે. An adverb of place, as, He stood *by* while I wrote.

Enough, બસ, વિશેષણ પછી આવે તો. Adverb of Degree, as, Bad *enough*. Enough નામ પહેલાં આવે તો Adjective, as, *Enough* money.

For, વાસ્તે. A preposition, as, *For* him. Because કારણ કે, ને અર્થે a conjunction. I gave him a prize, *for* he was a good boy.

However, ગમે એટલું. An adverb of Degree, as, *However* brave you are એમ છતાં A conjunction, as, He was poor, *however*, he was of a noble family.

Near, પાસે. An adverb of place, as, He stood *near*.
By પાસે. A preposition, as, He stood *near* him.

Only=But ફક્ત. An adverb, as, There is *only* one God. એકનોએક. An adjective, as, An *only* child.

Since=થી A preposition, as *since* that day. An adverb of time, as, *since* he went to Bombay. Because કારણ કે, A conjunction, as, He could not attend school *since* he was sick.

So=એવું, આટલું An adverb of Degree, as, *so* long. એમ An adverb of manner. as, He said *so*. Therefore તેથી. He was away from school, *so* he lost his books.

That=કે, A conjunction, as, He said *that* he was sick. Who, which જે A relative pronoun, as, the man that went into the city. પેલો, તે, નામ આવ્યું હોય કે અધ્યાહાર્ય હોય તો. A Demonstrative adjective, as, that man, પેલો, તે, નામ સાથે આવ્યું ન હોય અને અધ્યાહાર ન હોય તો, A Demonstrative pronoun, as, that is a good man.

Till=સુધી, A preposition, as, till 5 o'clock. સુધી. an adverb of time, as, till he became well.

Too=ઘણુંજ. An adverb of Degree, as, *Too* late, also પણ an adverb, as, he went there too.

Very=ઘણો. Adverb of Degree as, *very* good, The same તેજ. An adjective, as, On the *very* morning.

While=when જ્યારે an adverb of time, as, He stood by *while* I wrote; and અને, A conjunction, He is a rich man *while* I am poor. Time વખત A noun, as, Stop for a *while*.

Adverbs are formed from adjectives by adding *ly* as, slow, *slowly*, bad, *badly*. Adjectives are formed from nouns by adding *ly* as, man, *manly* ; gentleman, *gentlemanly* ; life, *lively*; coward, *cowardly*.

TENSES.

The Present Indefinite expresses (*a*) a *single* act at the present time, સાદો વર્તમાન હમણાંની ક્રિયા બતાવેછે as, I *see* you now.

(*b*). Custom or habit ધારો કે ટેવ; as, Birds *fly*.

(*c*). Constant truths હમેશનું સાચું. as, Honesty *is* the best policy.

It is used in quoting authors whether living or not. ગ્રંથકર્તા જીવતા હોય કે ન હોય તેને વિષે કહેવામાં વપરાય છે, as, Cicero says......

It is sometimes used to describe past events, and is then called the Historic Present કોઈવાર ગયલી બીના કહેવાને વપરાયછે ત્યારે તેને "હિસ્ટૉરિક વર્તમાન" કહેછે. as, Cæsar *leaves* Gaul.

